# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PNG CONNECTION

રાજ્યની વર્તમાન સ્થિતીને જોતા હવે સરકારે નાગરિકોને યોગ્ય પ્રમાણમાં ગેસ મળી શકે તે માટેના પગલાં લીધા છે. જે અંતર્ગત હવે પીએનજી ગેસ કનેક્શન હોય તેઓને એલપીજી નહીં આપવાનો નિર્ણય કેન્દ્ર સરકારની ગાઈડલાઈન પ્રમાણે રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા પરિપત્ર કરાયો છે. હવે પાઇપલાઇન દ્વારા ગેસ મેળવતા લોકોને એલપીજી કનેક્શન હોય તો પરત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ પરિપત્રમાં વહીવટી તંત્રને પાઇપલાઇનથી ગેસ મેળવતા લોકોને એલપીજી બોટલ રીફીલ પણ નહીં કરવા માટે સૂચના આપવામાં આવી છે.. પાઇપલાઇન સાથે એલપીજી હોય તો ગ્રાહકોને બોટલ સરકારને પરત કરવો પડશે .

# KHANDHAR NFSA

રાજ્યના 75 લાખ NFSA પરિવારોને અન્ન સુરક્ષા પૂરી પાડવા માટે આ વર્ષના અંદાજપત્રમાં 700 કરોડ રૂપિયાથી વધુની રકમની ફાળવણી કરવામાં આવી છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોનાખંધારે પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે ,NFSA કાર્ડધારકોને રાહત દરે તુવેર દાળ અને ચણા આપવા માટે 841 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ પણ કરાઈ છે.આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા પારદર્શિતા પર ભાર મૂકતાં તેમણે કહ્યું કે ગુજરાતે દેશમાં પ્રથમવાર CBDC આધારિત ડિજિટલ ફૂડ કૂપનનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ સિસ્ટમ e-KYC આધારિત હોવાથી બાયોમેટ્રિક નિષ્ફળતા જેવી સમસ્યાઓ હલ થશે. અત્યાર સુધીમાં રાજ્યના 4 કરોડ 23 લાખ રેશનકાર્ડ સભ્યોનું e-KYC પૂર્ણ કરાયું હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

# KUVARJI ANNAPURNA

સિરામિક ઉદ્યોગ સાથે સંકળાયેલા શ્રમિકો માટે અન્નપૂર્ણા યોજનાનો લાભ આપવા સરકાર વિચારણા કરશે. શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ આજે ગાંધીનગરમાં શ્રમિક અન્નપૂર્ણા યોજના કેન્દ્રની મુલાકાત દરમિયાન આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે રાજ્યમાં હાલ 293 શ્રમિક અન્નપૂર્ણા યોજનાના અનેક કેન્દ્રો કાર્યરત છે અને હજુ નવા 300 કેન્દ્ર શરૂ કરાશે.

બાઈટ - કુંવરજી બાવળિયા,મંત્રી,શ્રમ અને રોજગાર

# NARMADA PARIKRAMA

રાજ્ય સરકારે  આગામી 19 માર્ચથી 17 એપ્રિલ 2026 સુધી ચાલનારી 30 દિવસીય નર્મદા પરિક્રમા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

નર્મદા પરિક્રમાર્થીઓની યાત્રાને 'સુગમ' બનાવવા માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અંદાજે 10 કરોડ રૂપિયાના ખર્ચે માળખાકીય વ્યવસ્થાઓ ઉભી કરાશે. તેમજ 5 કરોડ 41 લાખ રૂપિયાના ખર્ચે હંગામી વ્યવસ્થાઓ વધુ મજબૂત બનાવવામાં આવશે. તેમાં વધારાના ડોમ શેલ્ટર, મોબાઈલ-ટોયલેટ, વોટર સ્ટેશન, , એમ્બ્યુલન્સ, સ્નાનગૃહ, ચેન્જિંગ રૂમ અને ક્લોક રૂમની વ્યવસ્થા કરવામાં આવશે. સમગ્ર 18 કિલોમીટરના માર્ગ પર એલઈડી અને ફ્લડ લાઇટ લગાવવામાં આવશે. જેથી રાત્રિના સમયે પણ યાત્રાળુઓને સલામત અને સ્પષ્ટ માર્ગ મળી રહે. તેમજ પોલીસ બૂથ, સુરક્ષા કેબિન અને વૉચ ટાવર ઉભા કરવામાં આવશે.

# પાવાગઢ દર્શન સમય

શક્તિ ઉપાસનાનું મહાપર્વ ચૈત્રી નવરાત્રી 19 માર્ચથી શરૂ થઈ રહી છે. આ અવસરે પંચમહાલ જિલ્લાના પવિત્ર યાત્રાધામ પાવાગઢ દર્શન ખાતે દર્શન વ્યવસ્થામાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે.
જાહેર કરાયેલા સમયપત્રક મુજબ સામાન્ય દિવસોમાં મંદિર સવારે 6 વાગ્યે ખુલશે અને સાંજે 8 વાગ્યા સુધી દર્શન મળશે. જ્યારે રવિવાર તથા ખાસ તિથિના દિવસોમાં મંદિર સવારે 5 વાગ્યે ખુલશે

નવરાત્રી દરમિયાન પાવાગઢ તળેટીથી ઉપર ખાનગી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો છે. ગોધરા એસટી વિભાગ દ્વારા વધારાની 50 બસો મૂકી, ડિજિટલ ટિકિટ બુકિંગ પણ શરૂ કરી સુચારું આયોજન કરાયું છે ઉપરાંત તિથીના દિવસોમાં વધારાની 10 બસો મૂકી કુલ 60 બસો મૂકવામાં આવી છે.આ ઉપરાંત રોપ-વેના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ખાસ તિથિના દિવસોમાં ટિકિટ કાઉન્ટર સવારે 4 વાગ્યે ખુલશે અને સવારે 5 વાગ્યાથી રોપ-વે સેવા શરૂ થશે. અન્ય દિવસોમાં 5:00 વાગે ટિકિટ બુકિંગ બારી ખુલશે અને છ વાગ્યાથી રોપવે સેવા શરૂ થશે.
જિલ્લા પ્રશાસન દ્વારા ભક્તોને પીવાનું પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓ માટે પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

# BOTAD SCHOOL LOKAARPAN

બોટાદમાં આઠ દાયકા પુરાણી શાળાને નવનિર્મિત કરવામાં આવી હતી જેનુ આજે લોકાર્પણ કરાયું હતું.. પંડિત દીનદયાળ પ્રાથમિક શાળા નંબર - 1માં અગાઉ એક હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હતા તેમને અન્ય શાળામાં તબદીલ કરાયા હતા. હવે વિદ્યાર્થીઓને નવા સત્રથી ફરી આ શાળામાં પ્રવેશ અપાશે તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પ્રતિક વડોદારિયાએ કહ્યું હતું.

બાઇટ- પ્રતિક વડોદરિયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન , બોટાદ

# AHMEDABAD GOLF

અમદાવાદમાં રમાયેલી ઇન્ડોરમા  વેન્ચર્સ ઓપન ગોલ્ફ ચેમ્પિયનશિપમાં ભારતીય ગોલ્ફર સપ્તક તલવારે અંતિમ રાઉન્ડમાં બે અંડર-70નો ભવ્ય સ્કોર બનાવીને ખિતાબ જીતી લીધો. D.P. વિશ્વ પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઇન્ડિયા -  PGTIની સ્પર્ધામાં ગ્રેટર નોયડાના 27 વર્ષના ખેલાડીનો આ બીજો પ્રોફેશનલ વિજય છે. સ્પર્ધામાં તેમનો સ્કોર 10 અંડર 278નો રહ્યો હતો. સાથે જ તેમને 43 લાખ 20 હજાર રૂપિયાનો પુરસ્કાર મળતાં તેઓ PGTI ઓર્ડર ઓફ ધ મેરિટમાં 44-મા સ્થાનથી પહેલા સ્થાન પર પહોંચી ગયા છે.

જ્યારે ઓસ્ટ્રિયાના ક્રિસ્ટોફ બ્લેયર અંતિમ તબક્કામાં ત્રણ અંડર 69નો સ્કોર બનાવીને બીજા ક્રમે રહ્યા છે.